# ગરમીના કારણે સવારે મતદાન કરવા અપીલ

**તરસ** ન લાગે તો પણ નિયમિત અંતરે પૂરતું પાણી પીવા અને ઘરે બનાવેલા પીણાં પીવા જોઈએ

વલસાડ : ઉનાળાની શરૂઆતમાં જ ગરમીનો પારો આસમાને પહોંચતા તેમજ તેના વધતા જતા તાપમાન અને 'લૂ' લાગવાના ભયને જોતા વલસાડ જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારી ડો. એ.કે.સિંઘ દ્વારા જાહેર જનતા માટે વિશેષ માર્ગદર્શિકા (એડવાઈઝરી) જાહેર કરવામાં આવી છે. મતદાનના દિવસે ખાસ કરીને સિટિઝનો અને સગર્ભા બહેનોને સવારના સમયે પોતાના મતાધિકારનો ઉપયોગ કરવા અનુરોધ કરવામાં આવે છે. મતદાન વેળા કોઈ પણ મતદાર કે ચૂંટણી ફરજ પરના સ્ટાફને ગરમીથી લૂ લાગવાના કિસ્સામાં માથામાં સખત દુખાવો કે અન્ય કોઈપણ તકલીફ થાય તો તેઓની સારવાર માટે સીએચસી અને સિવિલ હોસ્પિટલમાં હિટ સ્ટ્રોક રૂમની વ્યવસ્થા કરવામાં આવી છે.

તેમણે જણાવ્યું કે, ગરમીમાં શરીરને હાઈડ્રેટ રાખવું સૌથી મહત્વનું છે. તરસ ન લાગે તો પણ નિયમિત અંતરે પૂરતું પાણી પીવું જોઈએ. આ ઉપરાંત ઘરે બનાવેલા તાજા પીણાં જેવા કે ઓ.આર.એસ, તાજી લસ્સી, લીંબુ પાણી, છાશ, નાળિયેર પાણી અને ખાંડ-મીઠાનું દ્રાવણ લેવું હિતાવહ છે. ગરમીમાં હળવા રંગના, ઢીલા અને સુતરાઉ કપડાં પહેરવા અને ટાઈટ કપડાં પહેરવાનું પણ ટાળવું જોઈએ. જો અનિવાર્ય સંજોગોમાં બહાર જવાનું થાય, તો માથે ટોપી, રૂમાલ કે છત્રીથી ઢાંકવું અને સનગ્લાસ તેમજ સનસ્ક્રીનનો ઉપયોગ કરવો જોઈએ. ખાસ કરીને વૃદ્ધો, બાળકો, સગર્ભા મહિલાઓ અને વધુ વજન ધરાવતી વ્યક્તિઓએ આ ગરમીમાં વિશેષ કાળજી લેવાની જરૂર છે. બપોરે ૧૨ થી ૪ વાગ્યા સુધીનો સમય અત્યંત જોખમી હોય છે. ડોક્ટરે ખાસ સૂચના આપી છે કે, પીક અવર્સમાં રસોઈ કરવાનું ટાળવું અને રસોડામાં હવાની અવરજવર રહે તે સુનિશ્ચિત કરવું. આ ઉપરાંત દારૂ, ચા, કોફી અને કાર્બોરેટેડ સોફ્ટ ડ્રિંક્સ લેવાનું ટાળવું જોઈએ.






### હોસ્પિટલોમાં સ્પેશિયલ હીટ સ્ટ્રોક રૂમ તૈયાર કરાયા

જિલ્લાની સિવિલ હોસ્પિટલ/ સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલમાં 5 બેડ અને CHCમાં 2 બેડના સ્પેશિયલ 'હીટ સ્ટ્રોક મેનેજમેન્ટ રૂમ તૈયાર કરાયા છે. આ સિવાય દવાનો સ્ટોક, હોસ્પિટલોમાં IV ફ્લુઈડ્સ, ORS અને આઈસ પેકનો પૂરતો જથ્થો રખાયો છે. તા. 1 માર્ચ, 2026 થી હીટસ્ટ્રોકના કેસોનું દૈનિક ટ્રેકિંગ કરવામાં આવી રહ્યું છે. વીજળીનો વપરાશ વધતા હોસ્પિટલોમાં ઈલેક્ટ્રિક લોડ ઓડિટ અને ફાયર સેફ્ટી ચેક કરવા નિર્દેશ અપાયા છે.

### ચૂંટણીમાં તા. ૨૬ એપ્રિલે મતદાન માટે રજા

મતદાન તા.૨૬/૦૪/૨૦૨૬ના રવિવારના રોજ સવારના ૭:૦૦ વાગ્યાથી સાંજના ૦૬:૦૦ વાગ્યા સુધી યોજાનાર છે. ત્યારે જે તે વિસ્તારના ગુજરાત શોપ્સ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટસ (રેગ્યુલેશન ઓફ એમ્પ્લોયમેન્ટ એન્ડ કંડીશન્સ ઓફ સર્વિસ) એકટ-૨૦૧૯ હેઠળ (૧) મત આપવાનો અધિકાર ધરાવતી દરેક વ્યક્તિ કોઇપણ દુકાન અને સંસ્થામાં નોકરી કરતી હોય અને અઠવાડિક રજા ચૂંટણીના દિવસ તા.૨૬/૦૪/૨૦૨૬ના રવિવારના રોજ ન આવતી હોય તેવા કર્મચારી/કામદાર માટે વૈકલ્પિક વ્યવસ્થા તરીકે આવા કર્મચારી/કામદારોને મતદાન માટે વારાફરતી ત્રણ કલાકની ખાસ રજા આપવામાં આવે અથવા જે દિવસે અઠવાડિક રજા હોય તે દિવસે સંસ્થાઓ ચાલુ રાખીને અવેજીમાં/બદલીમાં મતદાનના દિવસે રજા આપવામાં આવે તેવી વ્યવસ્થા કરવાની રહેશે.

### ગરમીનો તોડ: વૃક્ષના શીતળ છાંયડામાં બેસીને ઉમેદવારનો મતદારો સાથે સીધો સંવાદ



હાલમાં સમગ્ર રાજ્યમાં કાળઝાળ ગરમીનો પ્રકોપ જોવા મળી રહ્યો છે, જેની સીધી અસર ચૂંટણી પ્રચાર પર પણ પડી રહી છે. કાળઝાળ તડકા વચ્ચે મતદારોને એકઠા કરવા મુશ્કેલ બન્યા છે, ત્યારે નાનાપોંઢા તાલુકાની એક બેઠકના ઉમેદવારે એક સંવેદનશીલ અને સ્તુત્ય નિર્ણય લીધો હતો. તેમણે મતદારોને ગરમીથી બચાવવા માટે કોઈ હોલ કે ખુલ્લા મેદાનને બદલે ગામના ઘટાદાર વૃક્ષ નીચે બેઠકનું આયોજન કર્યું હતું. વૃક્ષના શીતળ છાંયડામાં બેસીને ઉમેદવારે મતદારો સાથે સીધો સંવાદ સાધ્યો હતો. આ નવતર પ્રયોગને કારણે મતદારો પણ ગરમીથી બચ્યા હતા અને શાંતિથી ઉમેદવારની વાત સાંભળી શક્યા હતા. ગરમીના આકરા મિજાજ સામે કુદરતી ઠંડકનો આ સહારો પંથકમાં ચર્ચાનો વિષય બન્યો છે.

# નવસારીમાં મતદાર સ્લિપમાં તસ્વીરના ઉપયોગને લઈને વિવાદ

**ચૂંટણી** પૂર્વે જ ઉદ્ભવેલા આ વિવાદે નવસારીના રાજકારણમાં નવી ગરમાવો લાવી દીધો

નવસારી : નવસારી મહાનગરપાલિકાની ચાલી રહેલી ચૂંટણી પ્રક્રિયા વચ્ચે વોર્ડ નં. ૧૩માં મતદાર સ્લિપમાં તસ્વીરના ઉપયોગને લઈને વિવાદ ઊભો થયો છે, જેને પગલે રાજકીય પરિસ્થિતિમાં ચકચાર મચી ગઈ છે.

આ મામલે મિનલબેન ભરવાડ દ્વારા પોલીસ અધિકારીઓને લેખિત રજૂઆત કરવામાં આવી છે. રજૂઆતમાં તેમણે જણાવ્યું છે કે પક્ષ દ્વારા વિતરણ કરાયેલી મતદાર સ્લિપમાં ઉમેદવાર તરીકે અન્ય વ્યક્તિનું નામ હોવા છતાં તેમની તસ્વીર પ્રિન્ટ કરવામાં આવી છે. આ સ્લિપો મોટા પાયે મતદારોમાં પહોંચાડવામાં આવી હોવાનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

ફરિયાદમાં તેઓએ દાવો કર્યો છે કે તેમની પૂર્વ મંજૂરી વગર તસ્વીરનો ઉપયોગ કરવામાં આવ્યો છે, જેના કારણે વ્યક્તિગત પ્રતિષ્ઠા પર અસર પડી છે અને મતદારોમાં ગેરસમજ ફેલાવાનો ભય ઊભો થયો છે. આ મામલે જવાબદારો સામે કાયદેસરની કાર્યવાહી તથા ચૂંટણી પ્રક્રિયામાં યોગ્ય તપાસ કરવાની માંગ કરવામાં આવી છે. આ ઘટના બાદ સ્થાનિક રાજકીય વર્તુળોમાં ચર્ચાઓ તેજ બની છે. મતદાર સ્લિપની તૈયારીઓ સામાન્ય રીતે ઉચ્ચ સ્તરે થતી હોવાને કારણે, ઉમેદવારોની માહિતી અને તસ્વીરો કેવી રીતે સંકલિત થઈ તે અંગે પણ પ્રશ્નો ઊભા થયા છે. ચૂંટણી પૂર્વે જ ઉદ્ભવેલા આ વિવાદે નવસારીના રાજકારણમાં નવી ગરમાવો લાવી દીધી છે અને હવે તમામની નજર સંભવિત તપાસ અને તેના પરિણામ પર કેન્દ્રિત થઈ છે.

# નવસારી જિલ્લામાં ૧૮૧ બેઠકો માટે મતદાન

**સ્થાનિક** સ્વરાજ્ય ચૂંટણીને લઈને વહીવટી તંત્ર સંપૂર્ણ સજ્જ

**કુલ** ૫૪૦૭ પોલિંગ સ્ટાફ તથા ૧૬૭૫ પોલીસ કર્મચારીઓને તૈનાત કરવામાં આવ્યા

નવસારી : નવસારી જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણી-૨૦૨૬ને લઈને વહીવટી તંત્ર સંપૂર્ણ તૈયારીઓ સાથે સજ્જ બની ગયું છે. તાજેતરમાં યોજાયેલી પ્રેસ બેઠકમાં નિવાસી અધિક કલેક્ટરે સમગ્ર ચૂંટણી પ્રક્રિયા અંગે વિગતવાર માહિતી આપતાં જણાવ્યું હતું કે જિલ્લામાં કુલ ૨૩૮ બેઠકોમાંથી ૫૭ બેઠકો બિનહરીફ જાહેર થઈ ચૂકી છે, જ્યારે બાકીની ૧૮૧ બેઠકો પર આવનારા રવિવાર, ૨૬ એપ્રિલે મતદાન યોજાશે. આ ચૂંટણીમાં નવસારી મહાનગરપાલિકાની ૫૦ બેઠકો, ગણદેવી નગરપાલિકાની ૨ બેઠકો, જિલ્લા પંચાયતની ૨૧ બેઠકો અને તાલુકા પંચાયતની ૧૦૮ બેઠકોનો સમાવેશ થાય છે. મતદાન પ્રક્રિયા નિષ્પક્ષ અને શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થાય તે માટે તંત્ર દ્વારા વ્યાપક બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. કુલ ૫૪૦૭ પોલિંગ સ્ટાફ તથા ૧૬૭૫ પોલીસ કર્મચારીઓને તૈનાત કરવામાં આવ્યા છે, જ્યારે પરિવહન સુવિધા માટે ૧૩૯ રૂટ નિર્ધારિત કરવામાં આવ્યા છે.

મતદાન પદ્ધતિ મુજબ શહેરી મતદારો ચાર મત આપી શકશે, જ્યારે ગ્રામ્ય વિસ્તારોમાં મતદારો જિલ્લા અને તાલુકા પંચાયત માટે બે મતનો ઉપયોગ કરશે. મતદાન પૂર્ણ થયા બાદ ૨૮ એપ્રિલે મતગણતરી હાથ ધરાશે.

ઉનાળાની તીવ્ર ગરમીને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા મતદારો માટે ખાસ સુવિધાઓ ઉભી કરવામાં આવી છે. દરેક મતદાન મથક પર પીવાનું પાણી, છાંયડાની વ્યવસ્થા, દિવ્યાંગ મતદારો માટે રેમ્પ તેમજ પ્રાથમિક સારવારની સુવિધા ઉપલબ્ધ રહેશે.

### કપરાડામાં પિતા અને બે સંતાનો સહિત 8નાં મોતથી ગમગીની

# વિરક્ષેત્ર અકસ્માતના મૃતકોની અંતિમયાત્રામાં ગામ હિબકે ચડ્યું

**માસૂમ** ભાઈ-બહેન અને પિતાના મોતથી કાળજું કંપી ઉઠે તેવા દ્રશ્યો, 28 લોકો સારવાર હેઠળ



વલસાડ : વલસાડના કપરાડા તાલુકામાં સર્જાયેલા ગમખ્વાર અકસ્માત બાદ સમગ્ર પંથક શોકમાં ગરકાવ છે. ગિરનારાની દીકરીના લગ્ન બાદ 'આણું' કરવા જઈ રહેલો પરિવાર અકસ્માતનો ભોગ બન્યો હતો. પિકઅપ પલટી જતાં દુર્ઘટનામાં 8 લોકોએ જીવ ગુમાવ્યા છે, જ્યારે 28 લોકો ઈજાગ્રસ્ત થયા છે.

ગિરનારાના શુક્લપાડા ફળિયામાં રહેતા રાજારામ રાઉતની દીકરીના લગ્ન વિરક્ષેત્ર ગામે થયા હતા. રિવાજ મુજબ આણું કરવા નીકળેલો પરિવાર વિરક્ષેત્રના રાસપાડા કુકુનિયા વળાંક પાસે પહોંચ્યો ત્યારે પીકઅપ પલટી જતા દુર્ઘટનામાં કન્યાના પિતા રાજારામભાઈનું પણ અવસાન થયું છે. મૃતકોની અંતિમ વિધિ સમયે વાતાવરણ કરુણ અને હૃદયસ્પર્શી દશ્યોથી ભરાઈ ગયું હતું.

### હોસ્પિટલમાં સારવાર લેતા પિતા સંતાનોના મોતથી અજાણ

અકસ્માતની કરુણતા એ છે કે, ઈજાગ્રસ્ત રમેશભાઈ ખુરકુટે હાલ હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે, પરંતુ તેમને હજુ સુધી જાણ કરવામાં આવી નથી કે તેમના 11 વર્ષના પુત્ર ઋત્વિક અને 15 વર્ષની પુત્રી કૃતિકાનું આ અકસ્માતમાં મોત નિપજ્યું છે. ઘટનાની જાણ થતા જ વલસાડના સાંસદ ધવલ પટેલ પોતાના તમામ કાર્યક્રમો રદ કરી સિવિલ હોસ્પિટલ પહોંચ્યા હતા. અને ઇજાગ્રસ્તોની મદદમાં જોડાઈ ગયા હતા. હાલ અનેક ઇજાગ્રસ્તોની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે.

### ઘટનાના પગલે સુથારપાડા બજાર સંપૂર્ણ બંધ રહ્યું

અકસ્માતની ઘટના અને તેમાં 8 લોકોના મોતના પગલે વિસ્તારના સુથારપાડા ગામનું બજાર ગુરુવારે સંપૂર્ણપણે બંધ રહ્યું હતું. મેડિકલ સ્ટોર અને દવાખાના સિવાય તમામ વેપારી સંસ્થાઓએ પોતાના ધંધા-રોજગાર બંધ રાખી મૃતકોને શ્રદ્ધાંજલિ આપી હતી.



# વાડધા ગામની અસ્ટોલ જૂથ પાણી પુરવઠાની પાઈપલાઈનમાં ભંગાણ

**કપરાડાના** અનેક ગામોમાં પીવાના પાણીની ભારે તંગી છે ત્યારે પાણીનો આવો વેડફાટ રોકવો જરૂરી

વલસાડ : કપરાડા તાલુકાના વાડધા ગામે પ્રાથમિક શાળાની બાજુમાં અસ્ટોલ જૂથ પાણી પુરવઠાની પાઈપલાઈનમાં ભંગાણ સર્જાતા હજારો લિટર પાણી વેડફાઈ રહ્યું છે. એક તરફ કપરાડા તાલુકાના અનેક ગામોમાં પીવાના પાણીની તંગીનો સામનો કરવો પડી રહ્યો છે, ત્યારે બીજી તરફ આવી બેદરકારીના કારણે કિંમતી પાણીનો વ્યય થતો જોવા મળી રહ્યો છે. સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ, પાઈપલાઈનમાં કોઈ કારણસર લાંબા સમયથી પાણી વહેતું રહ્યું છે. ગ્રામજનોની માંગ છે કે તાત્કાલિક પાઈપલાઈનનું સમારકામ કરવામાં આવે અને પાણીનો બગાડ રોકવામાં આવે, જેથી પાણીની તંગીનો સામનો કરતા લોકોને રાહત મળી શકે.

### વલસાડ જિલ્લા પંચાયતની કોસંબા બેઠક પર ચૂંટણી પૂર્વે જ રાજકીય માહોલ ગરમાયો

# અપક્ષ ઉમેદવારનું ફોર્મ રદ કરવામાં આવતા વિવાદ સર્જાયો

**ઉમેદવારે** ન્યાયની આશા સાથે હાઈકોર્ટના દ્વાર ખટખટાવ્યા

વલસાડ : વલસાડ જિલ્લા પંચાયતની કોસંબા બેઠક પર ચૂંટણી પૂર્વે જ રાજકીય માહોલ ગરમાયો છે. આ બેઠક પર અપક્ષ ઉમેદવારી નોંધાવનાર કલાવતીબેન ટંડેલનું ફોર્મ રદ કરવામાં આવતા વિવાદ સર્જાયો છે. આ મામલે હવે ઉમેદવારે ન્યાયની આશા સાથે હાઈકોર્ટના દ્વાર ખટખટાવ્યા છે. અપક્ષ ઉમેદવાર કલાવતીબેન ટંડેલે તંત્ર પર ગંભીર આક્ષેપો કરતા જણાવ્યું છે કે, તેમનું ફોર્મ કોઈ કાયદેસરની ખામીને કારણે નહીં, પરંતુ રાજકીય દબાણ હેઠળ રદ કરવામાં આવ્યું છે. તેમણે આક્ષેપ કર્યો હતો કે, ફોર્મ ચકાસણીની પ્રક્રિયા દરમિયાન નિયમોનું સરેઆમ ઉલ્લંઘન કરવામાં આવ્યું હતું. કલાવતીબેનનો સૌથી મોટો આક્ષેપ એ છે કે, જ્યારે ફોર્મની ચકાસણી ચાલી રહી હતી, ત્યારે નિયમ વિરુદ્ધ અન્ય પક્ષના ઉમેદવારો ત્યાં હાજર હતાં. સમગ્ર પ્રક્રિયામાં ગેરરીતિ થઈ હોવાની આશંકા વ્યક્ત કરતા ઉમેદવારે કચેરીના CCTV ફૂટેજની માંગ કરી છે. જોકે, ઉમેદવારના જણાવ્યા અનુસાર, વારંવાર રજૂઆત કરવા છતાં તંત્ર દ્વારા ફૂટેજ આપવામાં આવ્યા નથી, જે વહીવટી પારદર્શિતા સામે સવાલો ઊભા કરે છે. ચકાસણી સમયે અન્ય પક્ષના ઉમેદવારોની હાજરી જ સૂચવે છે કે કંઈક રમત રમાઈ છે. અમે પુરાવા માટે CCTV ફૂટેજ માગ્યા પણ તંત્ર કેમ આપતું નથી? અપક્ષ ઉમેદવાર સાથે અન્યાય થયો છે અને એટલે જ અમે હાઈકોર્ટમાં ઘા નાખી છે. સત્ય બહાર આવવું જોઈએ.

# વાપીમનપાની ચૂંટણીનાં ચર્ચીત ચહેરા



સતિષભાઈ પટેલ



મિતેષ દેસાઈ



કૌશિક પટેલ



સમશુદ્દીન ચૌધરી



જીતેન્દ્રભાઈ



પીરુ મકરાણી



ખંડુભાઈ પટેલ



વરૂણ સિંઘ



વિનોદ પટેલ



ભાવિક પટેલ

**વાપી** મનપાની ચૂંટણીમાં આજે સાંજે ચૂંટણી પ્રચાર બંધ થશે, 120 ઉમેદવારો મેદાનમાં

વાપી : વાપી મહાનગરપાલિકાની ચૂંટણીમાં 120 ઉમેદવારો મેદાનમાં છે. પરંતુ કોઈને કોઈ રીતે થોડા ઉમેદવારો ચર્ચામાં છે. બીજી રીતે કહીએ તો આ ચહેરાઓની આસપાસ વાપી મહાપાલિકાની ચૂંટણી રસપ્રદ બની રહી છે. જોકે આ ચહેરાઓ પાછળ નેપથ્યમાં બીજા ઘણાં લોકો આ ચૂંટણીમાં મુખ્ય ભૂમિકામાં છે. આ ચૂંટણીમાં મુખ્ય મુકાબલો ભાજપ અને કોંગ્રેસ વચ્ચે છે. ભાજપે આ ચૂંટણીમાં એક બેઠક બિનહરીફ મેળવી પહેલા જ ખાતું ખોલાવી દીધું છે. છતાં 13 વોર્ડની 51 બેઠકો માટે 120 ઉમેદવારો મેદાનમાં છે. જેમાં ભાજપ 51 બેઠકો ઉપર ચૂંટણી લડે છે. કોંગ્રેસ 50 બેઠકો ઉપર ચૂંટણી લડી રહી છે. જ્યારે આમ આદમી પાર્ટી 8 ઉપર તેમજ અપક્ષ 7 અને એએસપીના 4 ઉમેદવાર મેદાનમાં છે.

શુક્રવારે સાંજે પાંચ વાગે ચૂંટણી પ્રચાર થંભી જશે. હમણાં તો છેલ્લા કલાકોમાં ચૂંટણી પ્રચારમાં ખૂબ ગતિ જોવા મળે છે. એક તરફ ભારે ગરમી અને તાપ વચ્ચે પણ ઉમેદવારો તેમજ તેમના નેતાઓ છેલ્લા કલાકોમાં વધુથી વધુ લોકો સુધી પહોંચી પોતાનો સંદેશો પહોંચાડવામાં વ્યસ્ત છે. આ ચૂંટણીમાં વોર્ડ નં.૨માં ભાજપના ઉમેદવાર કૌશિકભાઈ પટેલ તેમજ કોંગ્રેસના ભાવિકભાઈ પટેલ આ બંને ચહેરા જાણીતા છે. જ્યારે વોર્ડનં.૩માં ભાજપના ઉમેદવાર સમસુદ્દીન ચૌધરીના પિતા નુરુભાઈ છીરી તેમના વિસ્તારમાં જાણીતા છે. વોર્ડ નં.૪માં ભાજપની ટિકીટ નહીં મળતા ફરી કોંગ્રેસના ઉમેદવાર બનેલા વિનોદભાઈ પટેલ ચર્ચામાં છે. વોર્ડ નં.૫માં ભાજપના ઉમેદવાર અને વીઆઈએના પ્રમુખ સતિષભાઈ પટેલ ઉમેદવાર છે. વોર્ડનં.૮માં કોંગ્રેસના યુવા નેતા તરીકે જાણીતા ઉમેદવાર વરુણસિંગ મેદાનમાં છે. તો વોર્ડ નં.૯માં વાપી પાલિકામાં કારોબારી ચેરમેન રહી ચૂકેલા ભાજપના ઉમેદવાર મિતેશભાઈ દેસાઈએ ચૂંટણીમાં ઝંપલાવ્યું છે. વોર્ડ નં.૧૦માં કોંગ્રેસના ઉમેદવાર પીરુભાઈ મકરાણીનો ચહેરો દર વખતે ચર્મા રહે જ છે. વોર્ડ નં.૧૧માં કોંગ્રેસના ઉમેદવાર ખંડુભાઈ પટેલ જે પાલિકામાં વિપક્ષના નેતા હતા. વોર્ડ નં.૧૨માં ચણોદના માજી સરપંચ જીતુભાઈ માહ્યાવંશીએ એએસપીના ચાર ઉમેદવારની પેનલ ઊભી કરીને આ ચૂંટણીમાં પોતે પણ ઉમેદવારી કરી છે.રવિવારે મતદાન છે ત્યારે આ ચૂંટણીમાં કેવું મતદાન થાય છે અને કોણ બાજી મારે છે તે જોવું રહ્યું.



# ખેરગામમાં ચૂંટણી બહિષ્કારની ચીમકી બાદ તંત્ર હરકતમાં

**વાવ** દેસાઈ ફળિયામાં પાણી સમસ્યાનો ઉકેલ આવતા લોકોમાં આનંદ

ખેરગામ : ખેરગામ તાલુકાના વાવ ગામના દેસાઈ ફળિયામાં પાણીની સમસ્યાનો અંત આવ્યો છે. આ મુદ્દે સમાચાર પ્રસિદ્ધ થતાં તંત્રે હરકતમાં આવી કામગીરી હાથ ધરી હતી.

વાવ ગામના દેસાઈ ફળિયામાં આવેલા બોરનો હેન્ડપમ્પ છેલ્લા કેટલાક સમયથી બંધ પડ્યો હતો, જેના કારણે સ્થાનિક લોકોને પાણી માટે ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો હતો. પરિસ્થિતિ એટલી ગંભીર બની હતી કે ગ્રામજનોને રોજિંદા ઉપયોગ માટે ખેતરોમાં જઈ પાણી લાવવું પડતું હતું. બુધવારે વહીવટી તંત્રની ટીમ સ્થળ પર પહોંચી બંધ પડેલા હેન્ડપમ્પની મરામત કરી પાણી પુરવઠો ફરી શરૂ કરવામાં આવ્યો હતો. આ પગલાને કારણે લાંબા સમયથી પાણી માટે પરેશાન રહેલા લોકોમાં રાહતનો માહોલ જોવા મળ્યો હતો. ગ્રામજનોએ જણાવ્યું હતું કે, તેમની સમસ્યાને મીડિયાએ ઉજાગર કરતા તંત્ર સુધી તેમનો અવાજ પહોંચ્યો અને ઝડપી ઉકેલ શક્ય બન્યો. અગાઉ પાણી સમસ્યાને લઈને ગ્રામજનોએ ચૂંટણી બહિષ્કારની ચીમકી આપી હતી, પરંતુ હવે સમસ્યાનો ઉકેલ આવી જતા તેમણે પોતાની ચીમકી પાછી ખેંચી મતદાન પ્રક્રિયામાં ભાગ લેવા તૈયારી દર્શાવી છે.

### પાલિકામાં ૨૪ પૈકી ૨૨ બેઠકો બિનહરીફ રહેતા બે વોર્ડની બે બેઠકો ઉપર ચૂંટણી યોજાશે

# ગણદેવી તાલુકામાં ૧૯ બુથ સંવેદનશીલ

**ગણદેવી** તાલુકામાં ૩ જિ.પં. અને ૧૨ તા.પં. બેઠક બિનહરીફ

**૧૬** રૂટ ઉપર ૪૪૦ પોલિંગ સ્ટાફ અને ૨૪૪ પોલીસ સ્ટાફ ફરજ બજાવશે

બીલીમોરા : ગણદેવીની તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત અને પાલિકાની ચૂંટણી માટે તંત્રએ તડામાર તૈયારીઓને આખરી ઓપ આપ્યો હતો.

ગણદેવીપાલિકામાં ૨૪ પૈકી ૨૨ બેઠકો બિનહરીફ રહેતા બે વોર્ડની બે બેઠકો ઉપર ચૂંટણી યોજાશે. જેમાં ૧ ચૂંટણી અધિકારી અને ૧ સહાયક ચૂંટણી અધિકારી ફરજમાં હશે. જેમાં ૧૮૯૭ પુરુષ અને ૧૯૫૯ મહિલા મળી કુલ ૩૮૫૬ મતદારો મતદાન કરશે. એક રૂટ ઉપર પાંચ મતદાન મથક, ૩૫ પોલિંગ સ્ટાફ અને ૧૩ પોલીસ જવાન ફરજ નિભાવશે. ગણદેવી પ્રાથમિક કન્યા શાળામાં ડિસ્પેચિંગ, રિસીવિંગ અને મત ગણતરી કરાશે. અહીં બે સંવેદનશીલ મથકો જાહેર કરાયા છે.

ગણદેવી તાલુકામાં ૩ જિલ્લા પંચાયત અને ૧૨ તાલુકા પંચાયત બેઠકો બિનહરીફ થઈ હતી. જ્યારે ૩ જિલ્લા અને ૧૨ તાલુકા પંચાયતની ચૂંટણી યોજાશે. જેમાં ૧૧૬ મતદાન મથકો પૈકી ૧૯ સંવેદનશીલ મથકો છે. જે માટે ૪ ચૂંટણી અધિકારીઓ અને ૪ સહાયક ચુંટણી અધિકારીની દેખરેખમાં ૩૨૭૨૬ પુરુષ અને ૩૩૭૮૩ મહિલા મતદારો મતાધિકારનો ઉપયોગ કરશે. ન્યાયી ચૂંટણી કરાવવા ૧૬ રૂટ ઉપર ૪૪૦ પોલિંગ સ્ટાફ અને ૨૪૪ પોલીસ સ્ટાફ ફરજ બજાવશે. સર સીજે ન્યુ હાઇસ્કુલ કેમ્પસમાંથી ઇવીએમ ડિસ્પેચિંગ, રિસીવિંગ અને મતગણતરી કરાશે. ગણદેવી તાલુકામાં મટવાડ, અમલસાડ, કછોલી, સરીખુરદ, સરીબુજરંગ, તલીયારા અને તલોધ ગામ મળી ૧૦ બિલ્ડીંગમાં ૧૯ બુથો સંવેદનશીલ જાહેર કરાયા છે.

### ડાંગ જિલ્લામાં ૧૦૦૦થી વધુ સુરક્ષાકર્મીઓનું પોસ્ટલ બેલેટથી મતદાન




સાપુતારા : ડાંગ જિલ્લાના ત્રણ મુખ્ય તાલુકા મથકો આહવા, સુબિર અને વઘઈ ખાતે પોસ્ટલ બેલેટ દ્વારા પોલીસ જવાનો અને અન્ય સુરક્ષાબળોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.આ મતદાન પ્રક્રિયા અંગે ડાંગ જિલ્લાનાં પોલીસ વડા પૂજા યાદવનાં માર્ગદર્શન હેઠળ ડાંગના ડીવાયએસપી જનેશ્વર નલવૈયાએ જણાવ્યું હતું કે, ચૂંટણીના અનુસંધાને જિલ્લાના ત્રણ કેન્દ્રો પર વિશેષ મતદાન યોજાયુ હતુ. જેમાં અઢીસોથી વધુ પોલીસ જવાનો, ૪૦૦થી વધુ જી.આર.ડી જવાનો અને ૩૦૦થી વધુ હોમગાર્ડ જવાનો મળી કુલ ૧૦૦૦થી વધુ સુરક્ષાકર્મીઓએ પોસ્ટલ બેલેટ મારફતે પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો છે. આ પ્રક્રિયામાં DySP, PI અને PSI સહિતના ઉચ્ચ પોલીસ અધિકારીઓ પણ જોડાયા હતા.